અમદાવાદ-પીરમસાના રોજા પાસે
શ્રી " સત્યસાગર " પ્રિન્ટીંગ પ્રેસમાં
પટેલ પોચાભાઇ ચકુભાઇએ છાપી.

વલસાડ તાલુકાનું શિક્ષણ.

સામાન્ય વર્ણન.

સીમા—ઉત્તરે અંબીકા નદીને જલાલપોર તાલુકો છે દક્ષિણે પારનદીને પારડી તાલુકા છે પૂર્વે ચીખલી તાલુકા અને ધરમપુરનું રાજ્ય છે. પશ્ચિમે અરબી સમુદ્ર છે.

વિસ્તાર—ઉત્તરે દક્ષિણ લંબાઇ ૧૬ માઇલ છે અને પૂર્વ પશ્ચિમ પહોળાઈ ૧૩ માઇલ છે.

કુદરતની ખુબી—ઉત્તરમાં અંબીકા અને કાવેરીના કાંઠા નજીક સાંકડી પટી છે દક્ષિણમાં ઔરંગાના કાંઠા સુધીનો પ્રદેશ ઓછો ફળદ્રુપ છે થોડા ઝાડવાળો છે ને જેમ જેમ પારડી તાલુકા તરફ જઇએ તેમ તેમ ફળદ્રુપતા તદ્દન જતી રહે છે, પારનેરા અને તેના અગ્નિ ખુણાની જમીન ઉચીનીચી થતી ગઇ છે. આમાં વેલવાચનું જંગલ છે પણ તે નાનું છે. પશ્ચિમ કિનારાની જમીન ખારવાળી છે નદી અને ખાડીઓના મુખને લીધે ખાંચા ખાંચા જણાય છે.

ડુંગરો—પારનેરા વલસાડથી ત્રણ માઇલપર છે એ ૫૦૦ ફુટ ઉચો છે. રોલા ડુંગરી પારનેરાથી બાર માઇલપર સાત ડુંગરીવાળી છે, ડુંગરી એ ડુંગર ૮૦ફુટ ઉચો હતો પણ હાલ રેલવે તરફથી તેના પથરો ખોદવાનું કામ ચાલુ છે.

નદીઓ--પૂર્વથી પશ્ચિમમાં વહેનારી હોઇ અંબીકા, કાવેરી, ખરેરા, ઔરંગા ને પારછે.

અંબીકા—ડાંગના ડુંગરોમાંથી નીકળી ગાયકવાડી મુલક અને વાંસદાના રાજ્યમાંથી વહેતી ચીખલી ને જલાલપોર તાલુકાની હદ બતાવી ગણદેવી પરગણાની ઉત્તરે અને પશ્ચિમે વહી અરબી સમુદ્રને મળે છે એનાપર દાંતી, બીગરી અને વાઘરેચ ગામો છે.

કાવેરી—વાંસદાના ડુંગરમાંથી નીકળી ચીખલી અને વલસાડ તાલુકામાં થઇ વાઘરેચ ગામ આગળ અંબીકા જોડે મળી જાય છે તેપર ઊંડાચ અને વાઘરેચ ગામ છે.

ખરેરા—વાંસદાના રાજ્યમાંથી નીકળી ચીખલી તાલુકામાં વહી વાઘરેચ આગળ અંબીકાને મળે છે.

ઔરંગા—સુલગાણાના રાજ્યમાંથી નીકળી વાંસદા અને ધરમપુર રાજ્યમાં થઇ અરબી સમુદ્રને મળે છે એનાપર વલસાડ અને ભાંગડા છે.

પાર—સુલગાણાના રાજ્યમાંથી નીકળી ચીચાઈ ગામ આગળથી આ તાલુકામાં દાખલ થઇ અરબી સમુદ્રને મળે છે. એનાપર ભગોદ, હરીઆને કચી ગામ છે.

ખાડીઓ—ઝુલવણ, વણજારને વલંડી એ ખાડી પાર નદીમાં ભેગી થાય છે. બામખાડી સોનવાડા નજીકથી નીકળી અરબી સમુદ્રમાં ભેળી થાય છે એનાપર ધરાસણા છે. કાપરી એ કોલકને લઈ સમુદ્રને મળે છે. કહેવત ચાલે છે કે “ કોલક, કાંપરીને બામ ત્યાંતો જીવ ગયાનો ઠામ ” વાંકીએ ધરમપુરના રાજ્યમાંથી નીકળી કોસંબા પાસે ઔરંગાને મળે છે.

તળાવ—પારણ, મલાવ, સંતરાઇ, ગુંદલાવ એમાં મલાવને ગુંદલાવના તળાવમાં કમળના ફુલો થાય છે પહેલું તલાવ મોટા

વિસ્તારમાં છે બીજું ને ત્રીજું પાકું બાંધેલું છે.

હવા—હવા ભેજવાળી ને ઠંડી છે દરિઆ કિનારાની હવા સુકીને ખારી છે પારનેરા અને બુનસર નજીકના ભાગોમાં જંગલને લીધે ચોમાસુ અને શિયાળો એ બે મોસમમાં તાવનો રોગ ચાલે છે ઉનાળો આનંદદાયક માલુમ પડે છે એકંદરે આ તાલુકાના હવા પાણી સારાં છે. વર્ષાદ ૫૦ થી ૭૫ ઈંચ પડે છે.

વનસ્પતિ—સૌથી મોટી પેદાશ આંબાની છે, ને તે દરેક ગામમાં થાય છે કલમી આંબાનો જથ્થો તાલુકાના મધ્ય ભાગમાં છે, ખજુરીની પેદાશ સારી છે. દાંતીને ભાગલ ગામે નાળીએરીના ઝાડો જોવામાં આવે છે એ સિવાય બાવળ, આમલી, બોરડી, પીંપળો વડ, લીમડા, ચોરઆંમળો, સેગટો, સાગ, ખેર, મહુડો, જામફળી, સીતાફળી, દાડમડી, ફણસો વગેરે પણ જોવામાં આવે છે,

ખનીજ પદાર્થ—ડુંગરોમાંથી પત્થર ખોદી કાઢવામાં આવે છેને મીઠું પકવવામાં આવેછે નદીઓના ભાઠામાંથી તથા ખાડીમાંથી મરડીઆ કાંકરા નીકળે છે ઔરંગાના મુખ આગળ સ્લેટપર લખી શકાય એવી પથરીઓ નીકળે છે.

જાનવરી પેદાસ—પશુઓમાં બળદ, પાડા, ગાય, ભેંસો, બકરાં, ઘેટાં, કુતરા, બિલાડા વગેરે છે જંગલી પ્રાણીમાં ભુંડ, ડુક્કર હરણ, શિઆળ વાંદરા વગેરે પણ છે. પક્ષિઓમાં કાગડા, ચકલી, હોલા, મોર, સારસ ને કબુતર હોય છે. દરિઆ કાંઠે માછલાં મળે છે એ સિવાય દેડકા, કાચબા, કરચલા પણ હોય છે, મગર કોઇક વાર જોવામાં આવે છે તેમ વાઘ પણ કોઇકજવાર ધરમપુરના જંગલમાંથી આવે છે.

ધર્મ—હિંદુઓ શીવને વિષ્ણુમાર્ગી છે. મુસલમાનો મુસલમાની ધર્મ માને છે પારશીઓ અગ્નિ પુજક છે, જૈનો જીવ દયા પર વધુ લક્ષ રાખે છે. કાળીપરજ લાકડાના દેવને માને છે. ભૂત પીશાચના ઘણા વહેમી છે, દેશી ખ્રીસ્તીઓ ખ્રિસ્તી ધર્મ પાળે છે,

વસ્તી—૮૮૦૦૦ માણસની છે તેમાં હીંદુની વસ્તી વધુ છે એ સિવાય મુસલમાન, પારસી, જૈન, દેશી ખ્રિસ્તી વગેરે છે,

ભાષા—સાધારણ ભાષા ગુજરાતી છે. ઢોડીઆ , નાયકા, કુકણા ને ચોધરા જુદી બોલી બોલે છે.

ધંધો—ગામોમાં મુખ્ય ધંધો ખેતીનોછે કસ્બામાં સુતરાઉ કાપડ વણવાનો, સુથારનો, મોચીનો, કુંભારનો વગેરેછે, દુકાનદારો પણ હોયછે.

નિકાસ અને આયાત—ગામોમાંથી ગોળ, ડાંગર, કોદરા, નાગલી, કઠોળ, જુવાર, કેરી, કેળાં, ડુંગળી, બટાકા, સુરણ, એ કસ્બા અને શહેરોમાં આવે છે તેના બદલામાં પત્થરો, લોખંડી કામ, ખાંડ કાપડ. ઘાસલેટ, કરીઆણું વગેરે પરદેશથી આવેલો માલ શહેરને કસ્બા વાટે ગામોમાં જાય છે.

રસ્તા—પગ રસ્તે ગાડાં તથા ગાડી વાટે માલ લાવ લઇ જા થાય છે ને મુસાફરી પણ થાય છે. રેલવે સ્ટેશનો વલસાડ અને ડુંગરી છે તે રસ્તે બહારનો માલ મંગાવી શકાય છે, ને મોકલી શકાયછે. વલસાડ અને ભાંગડા બંદરોથી વહાણ માર્ગે વેપાર થઇ શકેછે.

રાજ્યરીતિ.

તાલુકાના અધિકારીઓ.

(૧) મામલતદાર (૨) ફોજદાર (૩) મુન્સફ (૪) ઓવરસીયર

(૫) ડોકટર (૬)આસી. ડેપ્યુટી. એજયુ. ઇન્સ્પેકટર (૭) આબકારી ઇન્સ્પેકટર (૮) લોકલફંડ કલાર્ક (૯) પોષ્ટ માસ્ટર (૧૦) સન્તારકુન (૧૧) રજીસ્ટ્રાર.

મહેસુલી ખાતું—આ ખાતાનો ઉપરી અધિકારી મામલતદાર છે. તેનો અધિકાર તાલુકાના બીજા સરકારી ખાતા ઉપર સામાન્ય રીતેહોયછે. એમનું મુખ્યકામ મહેસુલ નકકી કરવાનું, એકઠું કરવાનું અને ફોજદારી ગુન્હાનો ઇન્સાફ કરવાનું છે. અને લોકલ ફંડનો વહિવટ કરવાનું છે. એમને મદદ કરવાને અવલકારકુન હોય છે તેને ત્રીજા વર્ગના માજીસ્ટ્રેટની સત્તા છે.

પોલિસ ખાતું—આ ખાતાનો અધિકારી ફોજદાર (પોલીસ સબ ઇન્સ્પેકટર) છે તેનો અધિકાર આખા તાલુકાના ગામોના પોલિસ પટેલો ઉપર છે એમનું મુખ્ય કામ ચોરી, ધાડ, લુંટ, ખુન વગેરેના ગુન્હેગારોને પકડવાનું ને માજીસ્ટ્રેટ (મામલતદાર) ને ત્યાં કમિટ કરવાનું છે.

ન્યાય ખાતું—તાલુકાના લેણદેણ સંબંધી દાવાઓ સાંભળવાનું કામ કરે છે એનો અધિકારી મુન્સફ કરીને છે.

બાંધકામ ખાતું—આ ખાતાનો ઉપરી અધિકારી ઓવરશીયર છે તે તાલુકાના સરકારી મકાનો, પૂલો, રસ્તા વગેરે નવા બાંધે છે ને જુના રીપેર કરાવે છે.

દવાખાતું—આ ખાતાનો ઉપરી અધિકારી આસી. સરજ્યન (ડોકટર) છે તે તાલુકાની સુખાકારી ઉપર ધ્યાન આપે છે તથા દરદીઓને તપાસી દવા પણ આપેછે તે ઉપરાંત શીતળા કારકુનપર દેખરેખ રાખે છે.

કેળવણી ખાતું—આ ખાતાનો ઉપરી આસી. ડેપ્યુટી એજ્યુ. ઇન્સ્પેકટર છે તે આખા તાલુકાની નિશાળો તપાસે છે તથા પરિક્ષા લે છે, ને કેળવણીમાં જોઇતા સુધારા કરે છે નવી નિશાળો કાઢવી અથવા જુની બંધ કરવી એ એમના અભિપ્રાયથી થાય છે. એમના હાથ નીચે તાલુકા સ્કુલ માસ્ટર હોય છે. (તાલુકા સ્કુલ આ તાલુકામાં કોસંબામાં છે.)

આબકારી ખાતું—આ ખાતાના ઉપરીને આબકારી ઇન્સ્પેકટર કહેછે. તે સરકારની પરવાનગી વગર ભાંગ, ગાંજો, અફીણ, દારૂ વગેરે કેફી ચીજો વેચનારને પકડે છે, પકવનારને પકડે છે, ને માજીસ્ટ્રેટને ત્યાં કમિટ કરે છે.

લોકલફંડ ખાતું—આ ખાતાનો વહિવટ તાલુકાના ચુંટી કઢાયલા મેંમબરો કરે છે, તેના ઉપરીને મામલતદાર સાહેબ કહે છે મહેસુલની રકમ પ્રમાણે રૂપીએ એક આનો લઇને આ ખાતુ ઉપજ કરે છે ને તે ઉપજનો ઉપયોગ ગામોની કેળવણી, રસ્તા. પુલો ને નવી નિશાળો વગેરેમાં કરે છે આ મંડળને લોકલબોર્ડ કહે છે.

પોસ્ટ ખાતું—આ ખાતાનો ઉપરી પોષ્ટ માસ્ટર છે, આ ખાતું સંદેશા લઇ જવા લાવવાનું, પૈસા સાચવવાનું, પૈસા લાવ લઇ જા કરવાનું, કીંમતી વસ્તુઓ લાવ લઈ જા કરવાનું કામ કરે છે તાકીદના સંદેશા (તાર) પણ લાવ લઇ જા કરે છે,

કસ્ટમ ખાતું—આ ખાતાનો ઉપરી અધિકારી સરકારકુન છે તે દરીઆ માર્ગે આવતા જતા માલની જકાત લેછે અને વહાણ આવવા જવાની રજા ચીઠ્ઠી આપેછે. (આ તાલુકામાં મીઠાના અગર હોવાથી સોલ્ટ ઇન્સ્પેકટર છે તે વગર પરવાનગીએ મીઠું પકવનારને પકડે છે.)

રજીસ્ટ્રાર ખાતું--આ ખાતાના ઉપરીને રજીસ્ટ્રાર કહે છે તેઓનું મુખ્ય કામ જમીનને ઘરોના વેચાણ ગીરો દસ્તાવેજ તથા વીલોને ફારગતીઓ રજીસ્ટર કરવાનું છે તે ઉપ્રાંત પારસીઓના લગ્ન પણ નોંધવાનું છે.

મોટાં ગામો.

અંગ્રેજ સરકારના ખાલસા ગામો—વલસાડ, પારનેરા, હનુમાનભાંગડા, તીથલ, ભદેલી, ઊંટડી, માલવણ, બીગરી, ઉંડાચ, ગોરગામ, અટગામ, હરિઆ, કોસંબા, અબ્રામા, ચિચાઇ.

વલસાડ—એ બંદર ઔરંગા નદી ઉપર છે આ કસ્બામાં ૧૨૦૦૦ માણસની વસ્તી છે એનાં મ્યુનિસીપાલીટી છે, તાલુકાની મુખ્ય કચેરીઓ અહિં છે, આવાંબાઈ હાઇસ્કુલ તથા ગુજરાતી મ્યુનિ. સ્કુલો ને કન્યાશાળા છે હોસ્પીટાલ અને કસ્ટમ કચેરી પણ છે, મિશન ખાતુ પણ આ કસ્બામાં છે, પારશીઓની અગીઆરી હિંદુઓના દેવળો તથા મુસલમાનનીં મસજીદો પણ છે. શ્રાવણ સુદ પૂનમે બંદર ઉપર મેળો ભરાય છે ને આશો સુદ ૮ મે સતી માતાનો મેળો ભરાય છે.

પારનેરા-વલસાડથી ચાર માઇલપર અગ્નિ ખુણામાં આ ગામ અને ડુંગરછે એ પર કિલ્લાના ખંડિયર ને ચંડીકા માતાનું દેવળછે,

હનુમાનભાંગડા--વલસાડથી એક માઇલપર ઔરંગા કાંઠે બંદર છે, હનુમાનનું પ્રખ્યાત દેરૂં છે તેથી એ નામ પડયું છે એમાં ૫૦૦ માણસની વસ્તી છે લાકડાનો વેપાર મુખ્ય છે.

તીથલ--વલસાડથી નૈરૂત્ય કોણમાં ત્રણ માઈલ પર દરિઆ

કઠિ હવા ખાવાનું સ્થળછે મુખ્ય વસ્તી કોળીનીછે. શ્રીમંતોએ હવા ખાવાને બંગલા બનાવ્યા છે અહિં સોમવતી અમાસે મેળો ભરાય છે.

ભદેલી—આ ગામ વલસાડથી અઢી માઇલપર આવેલું છે આ ગામ ભાઇદાશ નામના અનાવીલ બ્રાહ્મણે વસાવેલું કહેવાય છે અને એને બે દીકરા હોવાથી બે વંશોને માટે ભદેલી જગા લાલા અને ભદેલી દેશાઇ પાટી આ બંને ગામો વચ્ચે એક નાળાનું અંતર છે વસ્તી ૩૦૦૦ માણુસોની છે બંને ગામના અધિકારી જુદા છે બંનેમાં પોષ્ટ ઑફીસ ને ગુજરાતી નિશાળ છે મુખ્ય વસ્તી અનાવલા બ્રાહ્મણોની છે તેમાં ઘણો ભાગ નોકરીઆત છે ને બાકીનો ભાગ ખેતી કરનારા છે માછીઓ વહાણ ચલાવવામાં હુંશીઆર છે આસો સુદ ૮ મે હીંગલાજ માતાની જાત્રા માછી વાડમાં ભરાય છે.

ઊટડી—આ ગામ ડુંગરી સ્ટેશનથી પશ્ચિમે બે માઇલપર છે વસ્તી ૧૫૦૦ માણુસની છે એ પણ ભાઇદાસ નામના અનાવીલ ગૃહસ્થે વસાવેલું હતું હાલ પણ એમાં મુખ્ય વસ્તી અનાવલા બ્રાહ્મણોની છે ગામમાં ગુજરાતી છોકરા છોકરીની નિશાળ છે, તથા પોષ્ટ ઑફીસ છે મુખ્ય ધંધો વેપાર, ખેતી ને નોકરીનો છે, ખેતી સાધારણ છે, કારણ કે મીઠા પાણીની બહુ તાણ છે.

માલવણ—વસ્તી ૩૦૦૦ માણુસની છે તેમાં કોળીની વસ્તી મુખ્ય છે તેઓ વહાણ ચલાવવામાં કુશળ છે ખેતી સાધારણ છે ગામે ગુજરાતી નિશાળ છે.

બીગરી (નડોદ)—આ અંબીકા કાંઠે ગામ છે, વસ્તી ૨૮૦૦ માણુસની છે મુખ્ય વસ્તી કોળી અને સુથારની છે કોળી લોકો ખેતી અને વહાણ ચલાવવાનું કામ કરે છે; સુથારો વહાણ બનાવે છે એક ગુજરાતી નિશાળ છે.

ઉંડાચ—આ પણ અંબીકા નદીની નજીક ગામ છે; એમાં બે ફળીઆં મોટાંછે (૧) લુહાર ફળીઉં (૨) વાણીઅ ફળીઉં બનેમાં એકેક નિશાળ છે વસ્તી ૧૦૦૦ માણસની છે એક પોષ્ટ ઓફીશ છે ગામ બાગાયતી છે મુખ્ય ધંધો ખેતીનો છે.

ગોરગામ—ડુંગરો સ્ટેશનથી ૩ માઇલ પૂર્વમાં છે, વસ્તી ૭૦૦ માણસની છે ગુજરાતી નિશાળ અને પોષ્ટ ઓફીસ છે મુખ્ય વસ્તી કણબી અને અનાવલા બ્રાહ્મણોની છે મુખ્ય ધંધો ખેતીનો છે અહીંની કેરી વખણાય છે.

અટગામ—વલસાડથી ઈસાન ખુણામાં છે જમીન ઉત્તમ છે વસ્તી કોળીની મુખ્ય છે અહિં વલસાડના અનાવલા બ્રાહ્મણોએ બંગલા બાંધ્યા છે ગુજરાતી નિશાળ અને પોષ્ટ ઓફીશ છે વસ્તી ૭૦૦ માણસની છે.

હરીઆ-પાર નદીને કાંઠે રેલવે સ્ટેશન નજીક ગામ આવેલું છે વસ્તી ૮૦૦ માણસની છે ગામ બાગાયતી છે તેથી કલમી આંબાની વાડીઓ છે ગુજરાતી નિશાળ ને પોષ્ટ ઓફિસ છે; વસ્તી અનાવળા બ્રાહ્મણોની છે મુખ્ય ધંધો ખેતીનો છે.

કોસંબા—વલસાડથી પશ્ચિમમાં દરિઆ કાંઠે ગામ છે આ ગામે દરિઆમાં દીવા દાંડી છે અહીં ખારવાને કોળીની વસ્તી છે તેઓ વહાણ ચલાવવામાં હોંશિયાર છે અહિં ગુજરાતી નિશાળ ને પોષ્ટ ઓફીશ છે તાલુકાની મુખ્ય નિશાળ આ ગામમાં છે.

અબ્રામા—વલસાડથી બે માઈલપર છે. જમીન ફળદ્રુપ છે તેથી કેળ અને કલમની વાડીઓ છે મુખ્ય ધંધો ખેતીનો છે એમાં તડકેશ્વર મહાદેવનું દેરું છે ગુજરાતી નિશાળ અને પોષ્ટ ઓફીશ છે

ચિચાઇ—વલસાડની અગ્નિ ખુણામાં ધરમપુર રાજ્યની હદ પર આવેલું ગામ છે એમાં કાળીપરજની વસ્તી મુખ્ય છે દર

શનીવારે હાટ ભરાય છે.

વિશેષ હકીકત—મગોદ અને દાંડીમાં દરિઆની જાત્ર છે, ધડોઈમાં મહાશીવ રાત્રીએ મહાદેવનો મેળો ભરાય છે ઘણ મીઠું પકવે છે, (અગાઉ છરવાડામાં પકવવામાં આવતું હતું તાલુકામાં ૯૬ ગામો છે.

ગામના અધિકારીઓ.

(૧) મુલ્કી પટેલ (૨) પોલિસ પટેલ (૩) (૪) સ્કુલ માસ્ટર (૫) ગામ પંચ.

મુલ્કી પટેલ—ગામનો મુખ્ય અધિકારી છે એનો ગામના સઘળા અધિકારી પર છે ગામ પંચનો અગ્રેસર છે.

પોલિસ પટેલ—ગામમાં બનતા ગુન્હાપર દેખરેખ રાખે છે અને પોલિસ ખાતાના કામમાં મદદ કરે છે.

તલાટી—મામલતદારના તાબાનો અધિકારી છે, મહેસુલ વસુલ કરે છે, પાકનો રીપોર્ટ કરે છે, જમીનની હદ ને તગાવી નકી કરે છે અને જન્મ મરણની નોંધ રાખે છે,

સ્કુલ માસ્તર—(મહેતાજી) ગામના છોકરાને ભણાવે છે ને તેને સુધારવાને યત્ન કરેછે. ગામડામાં પોષ્ટ માસ્ટરનું કામ પણ કરેછે.

ગામ પંચ—ગામના ચુંટી કાઢેલા લોકોનું મંડળ છે તે ગામમાંના દરેક સુધારાનું કામ કરે છે તે ઉપ્રાંત તકરારી બાબતોને નિકાલ પણ કરે છે. તેમાં ઉપલા ચાર અધિકારીઓ પણ હોય છે.

ધરમપુરના રાજાના ગામ.

(અંગ્રેજ સરકારને ખંડણી આપનારાં ગામ.)

ફક્ત આ તાલુકામાં સારંગપુર નામનું ગામ છે.